---------------------------------------------------------------------------------------------
**બોટાદના મે. ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબ ની કોર્ટમાં, બોટાદ**
---------------------------------------------------------------------------------------------

**<u>ફોજદારી કેસ નંબર: ૫૮૩/૨૦૨૧,</u>**
**<u>આંક</u>:**

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી:–દિપકભાઇ રાઘવભાઈ જાંઝરુકિયા

## <u>ગુનો:– જી.પી. એક્ટની કલમ–૧૩૧ મુજબ...</u>

૧) ફરિયાદપક્ષની હકીકત એવી છે કે, ફરીયાદમાં જણાવેલ તારીખ, અને સમય અને જગ્યાએ આરોપીએ પોતાના કબ્જા ની દુકાન ના લે– વેચ અંગે યોગ્ય રજીસ્ટર નહિ નિભાવી, પકડાઈ જઈ, જી.પી. એક્ટની કલમ–૧૩૧ મુજબનો ગુનો કરેલ હોય જે અંગે ની ફરિયાદ ના આધારે પોલીસે ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનુ આ તહોમતનામું રજૂ કરેલ છે.

(૨) આજરોજ આરોપી કોર્ટમાં હાજર રહેતા તેને પોલીસ પેપરની નકલો આપી, ગુના અંગે પ્લી લેતા આરોપીએ ગુનો કબૂલ રાખેલ છે તેમજ આરોપીએ અલગ થી ગુના ની કબૂલાત પુરશિસ રજૂ કરેલ છે તેમાં જણાવેલ છે કે, તેમનો પ્રથમ ગુનો છે તથા ગરીબ માણસ છે અને અનાયાસે ગુનો બનેલ છે અને હવે પછી આ રીતે ગુનો નહીં કરે તેવી ખાત્રી આપતા હોય હું આરોપીની સદર ગુના કબૂલાત સ્વીકારું છું અને તેનો પ્રથમ ગુનો હોય આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટ નું નમ્ર પણે માનવું છે તેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## **-:: હુકમ ::-**

૧) આ કામના આરોપીને તેમની સામેના. નોંધાયેલ, જી.પી. એક્ટની કલમ-૧૩૧ મુજબના ગુનામાં ક્રી.પ્રો. કોડની કલમ-૨૫૨(૨) હેઠળ, આરોપીને તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. ૧૦૦/-(અંકે સો રૂપિયા) પૂરા,નો દંડ કરવામાં આવે છે અને આરોપી જો દંડ ન ભરે તો દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ સ્પેશિયલ સિટિંગ માં જાહેર કર્યો

| | |
|---|---|
| તા. ૧૧/૦૯/૨૦૨૧<br>બોટાદ. | (દિપાલી મુકુંદરાય શેઠ)<br>૩જા એડી.સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>બોટાદ.<br>યુનિક જજ કોડ-જીજે૦૧૬૩૧ |